# પરિષદ-પ્રમુખનો પત્ર

## વાચન-પ્રસારની દિશામાં 'શુભ શકુન દીસે...'

મન ઉપર એવી છાપ ઊપસવા માંડી છે કે 'ગુજરાતી સાહિત્ય પરિષદ' અને તેવી બીજી સંસ્થાઓના પૂર્ણ સહકારથી ગુજરાત સરકારે ગુજરાતી પ્રજામાં વાચનપ્રસારણના ઉમદા હેતુથી 'વાંચે ગુજરાત'નું જે ગુજરાતવ્યાપી અભિયાન આરંભ્યું છે તેનું પ્રથમ ઉડ્ડયન-ચરણ (ટેઇક ઑફ સ્ટેજ) પૂરા ઉત્સાહ અને નિષ્ઠાથી સાકાર થવા માંડ્યું છે. આ એક સંતોષપ્રેરક સ્થિતિ લેખાય. તેનાં બહેતર પરિણામો આવવાની આશા સહજ રીતે રાખી શકાય. 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના આ અભિયાનનું એક મહત્ત્વપૂર્ણ મધ્યબિંદુ બની રહી છે તે 'પરિષદ' માટે પણ એક સાર્થકતાપ્રેરક સ્થિતિ છે. 'વાંચે ગુજરાત' અભિયાન સાથે સંલગ્ન અને ગુજરાતમાં પથરાયેલી વિવિધ સમિતિઓના પ્રતિનિધિઓનું એક સંમેલન પણ 'પરિષદ-ભવન'માં યોજાયું. 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત ગ્રંથ-આસ્વાદના કાર્યક્રમો રાજ્યમાં ઠેર ઠેર યોજાવા માંડ્યા છે. એવો એક કાર્યક્રમ 'પરિષદ'ને ઉપક્રમે 'પરિષદભવન'માં પણ યોજાઈ ગયો. ડૉ. ગુણવંત શાહ જેવા વિચારક, 'રામાયણ'ના અભ્યાસી અને લોકપ્રિય વક્તા 'વાલ્મીકિ રામાયણ'નો આસ્વાદ કરાવે એટલે જિજ્ઞાસુ શ્રોતાઓની મોટી હાજરી હોય એ આશ્ચર્યપ્રેરક નથી. 'પરિષદ' વાચનરુચિના પ્રસારનો મંચ, કહો કે પીઠ બની રહી છે એ સંતોષપ્રેરક છે.

પુસ્તક-આસ્વાદના આવા બીજા કાર્યક્રમોના આયોજનથી ગુજરાતનું વાયુમંડળ ગુંજવા-ગાજવા લાગ્યું છે અને ગુજરાતીઓ એમાં સામેલ થઈ રહ્યા છે. એનાથી કયા ગુજરાતી ગ્રંથરસિકનું હૈયું નહિ હરખાય ?

સુરતને કેન્દ્રમાં રાખીને દક્ષિણ ગુજરાતમાં શરૂ થયેલી ગ્રંથ-આસ્વાદની આ પ્રવૃત્તિ વિશેના સ્વાનુભવ ટાંકું તોયે પરિતોષની લાગણી પ્રગટ કર્યા વિના ન રહી શકાય. 'રાષ્ટ્રીય કલાકેન્દ્ર' એ કાંઈ સુરતની સંપૂર્ણતઃ સાહિત્ય-સંસ્થા નથી. પંચાવનેક વર્ષ પૂર્વે સ્થપાયેલી આ સંસ્થા નાટકને કેન્દ્રમાં રાખીને કળાની બીજી અનેક વિદ્યાઓમાં પ્રવૃત્ત છે. આ સંસ્થાની સાહિત્ય સમિતિના ઉપક્રમે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના સહયોગ સહિત ગ્રંથ-આસ્વાદનો જે પ્રથમ કાર્યક્રમ યોજાયો તે એવો સફળ નીવડ્યો કે એનાથી બહુસંખ્ય શ્રોતાઓની ગ્રંથરુચિ ઉત્તેજિત થયાનું સ્પષ્ટપણે અનુભવી શકાતું હતું. ગ્રંથ-આસ્વાદ કરાવ્યો અઠંગ વાચક અને વિદ્વાન વિવેચક ડૉ. અશ્વિન દેસાઈએ. બંગાળી સાહિત્યકાર મૈત્રેયીદેવીની સુપ્રસિદ્ધ નવલકથા 'ન હન્યતે' ગ્રંથ તેમણે આત્મસાત્ કર્યો છે તે સ્પષ્ટપણે પ્રત્યક્ષ થતું હતું.

નિર્ભીક વિવેચક અને પ્રખર વાચક પ્રા. શરીફા વીજળીવાળાએ 'અખિલ હિંદ મહિલા પરિષદ' સુરત બૃહદ્ શાખાપ્રેરિત 'વાચકમંચ'ને ઉપક્રમે ઉર્દૂના પ્રણાલિભંજક લેખિકા ઇસ્મત ચુઘતાઈની આત્મકથા 'કાગઝી હૈ પૈરહન'નો આસ્વાદ કરાવ્યો ત્યારે માત્ર પુસ્તક સાથેનું નહિ, ઇસ્મત ચુઘતાઈના વિદ્રોહી વ્યક્તિત્વ સાથેનું પણ શરીફાબહેનનું તાદાત્મ્ય પ્રગટ્યું હતું.

સુરતમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી 'વિચારગોષ્ઠી' નામક સંસ્થા સક્રિય છે. પ્રતિષ્ઠિત વિવેચક અને વાર્તાકાર ડૉ. વિજય શાસ્ત્રીએ એના મંચ પરથી આસ્વાદ માટે બંગાળી લેખિકા આશાપૂર્ણાદેવીની ટૂંકી વાર્તાઓ ઉપર પસંદગી ઉતારી છેલ્લાં છોંતેર વર્ષથી સુરતમાં રાષ્ટ્રભાષાના પ્રચારનું કામ કરતી સંસ્થા 'રાષ્ટ્રભાષા પુસ્તકાલયે' યોજેલા ગ્રંથ-આસ્વાદના કાર્યક્રમમાં આ લખનારની આત્મકથા 'સુરત મુજ ઘાયલ ભૂમિ'નો કવિશ્રી બકુલેશ દેસાઈએ પરિચય કરાવ્યો. 'નર્મદ સાહિત્ય સભા'એ ગ્રંથ-આસ્વાદનો જે કાર્યક્રમ યોજ્યો તેમાં વિવેચક ડૉ. રમેશ ઓઝાએ મરાઠી લેખક અને અનુભવાર્થી ગોપાલ નીલકંઠ દાંડેકરનતી વિખ્યાત કૃતિ 'સ્મરણગાથા'ની રોમાંચક યાત્રા શ્રોતાઓને કરાવી. છેલ્લા થોડાક સમયથી સુરતની સાહિત્યપ્રકાશનસંસ્થા 'સાહિત્ય સંગમ'ના નેજા હેઠળ વિશ્વ સાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓનો આસ્વાદ દશ્ય-શ્રાવ્ય માધ્યમ તથા એકોક્તિને સથવારે કરાવાય છે. આ શ્રેણીમાં અત્યાર સુધીમાં શેક્સપિયરના નાટક 'કિંગ લિયર' બર્નાર્ડ શૉના 'પિગ્મેલિયન' અને મહા કવિ કાલિદાસની કાવ્યરચના 'મેઘદૂત'ના આસ્વાદ યોજાઈ ગયા છે જે વિશિષ્ટ આસ્વાદન-શૈલીને કારણે રુચિકર નીવડ્યા છે. સુરતના FM રેડિયો પર આમ્રપાલી દેસાઈએ 'વાંચે ગુજરાત' અભિયાન હેઠળ સ્વ. અંજનીબહેન પારેખના પુસ્તક 'વિનોદિકા'નો આસ્વાદ કરાવ્યો હતો. આ 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત ગ્રંથ-આસ્વાદન પ્રવૃત્તિમાં વેગ અને વૈવિધ્ય બંને વર્તાય છે. લોકોની વાચનરુચિના પોષણ અને સંવર્ધનનો આ એક મહત્ત્વનો માર્ગ છે.

પરંતુ ગુજરાતમાં વાચનપ્રસારપ્રવૃત્તિમાં દક્ષિણ ગુજરાતની નાનકડી, નમણી નગરી નવસારી શરૂઆતથી જ મોખરે છે અને હજી સુધી એણે પોતાનું એ આગવું સ્થાન જાળવી રાખ્યું છે, બલ્કે દૃઢમૂળ કર્યું છે. જેને મેં પ્રેમ અને આદરથી 'ગ્રંથતીર્થ'નું બિરુદ આપ્યું છે તે નવસારીએ જ ત્રણેક વર્ષ પહેલાં 'સયાજી વૈભવ પુસ્તકાલય' ઉપક્રમે બાળકોથી બુઝુર્ગો સુધીના નગરવાસીઓમાં વાચન-મહિમાના પુરસ્કાર-પ્રસારનો પ્રારંભ કર્યો હતો. ગુજરાત સરકારના 'વાંચે ગુજરાત' અભિયાનના મૂળમાં નવસારીનું આ અદ્ભુત ગ્રંથપ્રસાર-આંદોલન રહેલું છે. આજે તો જાણે આખો નવસારી પંથક વાચનસંસ્કૃતિને રંગે રંગાઈ ચૂક્યો છે. મહાદેવભાઈ દેસાઈ અને જયપ્રકાશ મહેતા તથા એમના અનેક સાથીઓ આ પ્રવૃત્તિમાં ગળાડૂબ કાર્યરત છે. મહાદેવભાઈ આ સંદર્ભે ભેખધારી જેવા પ્રતીત થાય છે. તારીખ નવમી જુલાઈએ નવસારીના વિશાળ 'ટાટા હૉલ'માં પાંચ હજાર પુસ્તકો તરતાં મૂકવાનો કાર્યક્રમ રાજ્યના શિક્ષણમંત્રી રમણલાલ વોરાના અધ્યક્ષપદે યોજાયો ત્યારે એ સમારંભમાં એકાદ હજાર ગ્રંથરસિક શ્રોતાઓની હાજરી હતી. એમાં વાચન-પ્રસાર કરવા માટેના નવા અને વિશિષ્ટ પ્રકલ્પોનાં મંડાણ થયાં. કેટલાક યુવકો તેઓના ગામમાં મૃતપ્રાય પુસ્તકાલયને પુનર્જીવિત કરવાના મિશન સાથે ત્યાં આવ્યા હતા, તો કેટલાક સમર્પિતો પુસ્તકોનો ઝોળો ભેરવી ગામેગામ તેનો પ્રસાર કરવાના હેતુથી ત્યાં આવ્યા હતા. બીજા પણ કાંઈ કેટલાયે. રંગ છે નવસારી અને રંગ છે ગુજરાત ! ગુજરાતીઓ વાચનવિમુખ થયા છે એવું મહેણું ભાંગવાની દિશામાં હવે પ્રયત્નોનો પ્રારંભ થયો છે. 'શુભ શકુન દીસે...'

તા. ૧૧-૭-૨૦૧૦

**ભગવતીકુમાર શર્મા**